દાખલ તારીખ :–૧૭/૧૨/૨૦૨૪
નોંધ્યા તારીખ :–૧૭/૧૨/૨૦૨૪
ફેંસલ તારીખ :– ૧૪/૦૭/૨૦૨૬
સમયગાળો :–<u>વર્ષ–માસ–દિવસ</u>
૦૧–૦૬–૨૮

**ભિલોડાના મહેરબાન એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ.ભિલોડા,જી.અરવલ્લી.**

**<u>ફોજદારી કેસ નં.૧૫૦૨/૨૦૨૪</u>**
**આંક :૩૩**

**–:: ફોર્મ–એ ::–**

| | |
|---|---|
| **એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ભિલોડા – અરવલ્લી**<br>હુકમની તારીખ:– ૧૪/૦૭/૨૦૨૬<br>**ફોજદારી કેસ નંબર:–૧૫૦૨/૨૦૨૪** | |
| પોલીસ સ્ટેશન | ભિલોડા પો.સ્ટે.ગુ.રજી.નં.૩૦૦/૨૦૨૪ |
| ગુન્હો | ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૩૨૫,૪૨૭,૫૦૬ (૨),૧૧૪ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| **ફરીયાદી તર્ફે** | **વિ.એ.પી.પી.શ્રી. એમ.પી.કલહટ** |
| –:: વિરૂધ્ધ ::– | |
| આરોપી | (૧)સંદીપકુમાર રણછોડભાઈ ગામેતી,<br>ઉ.વ.૨૧,ધંધો–ખેતી,ધર્મે–હીન્દુ,<br>રહે.જેતપુર,તા.ભિલોડા,જી.અરવલ્લી.<br>(૨) વિશાલભાઈ નંદુભાઈ અસારી,<br>ઉ.વ.૨૦,ધંધો–ઘરકામ,ધર્મે–હીન્દુ,<br>રહે.બાવળીચા ટોરડા,તા.ભિલોડા,જી.અરવલ્લી.<br>(૩) અવિનાશકુમાર રણછોડભાઈ ગામેતી,<br>ઉ.વ.૨૮,ધંધો–ઘરકામ,ધર્મે–હીન્દુ,<br>રહે.જેતપુર,તા.ભિલોડા,જી.અરવલ્લી. |

| | |
|---|---|
| **આરોપીઓ તર્ફે** | **વિ.વકીલશ્રી : બી.વી.ચંપાવત** |

**–:: ફોર્મ–બી ::–**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૧૩/૦૫/૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૨૦/૦૫/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૧૭/૧૨/૨૦૨૪ |
| ત્હોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૨૫/૦૮/૨૦૨૫ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | તા.૨૫/૦૬/૨૦૨૬ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૧૪/૦૭/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૧૪/૦૭/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | –– |

**–:: આરોપીની વિગત ::–**

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૧) |
| આરોપીનું નામ | સંદીપકુમાર રણછોડભાઈ ગામેતી |
| ધરપકડ કર્યા તારીખ | તા.૧૬/૦૮/૨૦૨૪ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૧૬/૦૮/૨૦૨૪ |
| કયો ગુન્હો નોંધાયેલ | ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૨૩, ૩૨૫, ૪૨૭,૫૦૬ (૨),૧૧૪ તથા જી.પી. એકટ–૧૩૫ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. |
| સજા કર્યાની વિગત | – |
| ક્રી.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમા રહેલ સમય | – |

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૨) |
| આરોપીનું નામ | વિશાલભાઈ નંદુભાઈ અસારી |
| ધરપકડ કર્યા તારીખ | તા.૧૦/૦૮/૨૦૨૪ |

| | |
|---|---|
| જામીન મુકત કર્યા તારીખ | તા.૧૦/૦૮/૨૦૨૪ |
| કયો ગુન્હો નોંધાયેલ | ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૨૩, ૩૨૫, ૪૨૭,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ–૧૩૫ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. |
| સજા કર્યાની વિગત | – |
| ક્રી.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમા રહેલ સમય | – |

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૩) |
| આરોપીનું નામ | અવિનાશકુમાર રણછોડભાઈ ગામેતી, |
| ધરપકડ કર્યા તારીખ | તા.૧૬/૦૮/૨૦૨૪ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૧૬/૦૮/૨૦૨૪ |
| કયો ગુન્હો નોંધાયેલ | ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૨૩, ૩૨૫, ૪૨૭,૫૦૬ (૨),૧૧૪ તથા જી.પી. એકટ–૧૩૫ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. |
| સજા કર્યાની વિગત | – |
| ક્રી.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમા રહેલ સમય | – |

**–:: ફોર્મ–સી ::–**

**એ – ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧. | રાજેન્દ્રકુમાર પ્રવીણભાઈ ભરાડા | ફરીયાદી | ૨૫ |

**બી–આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–સાહેદો તપાસેલ નથી.**

**સી–અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી:–સાહેદો તપાસેલ નથી.**

**<u>એ– ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–</u>**

| **ક્રમ** | **દસ્તાવેજોનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૨૬ |
| ૨. | મારક હથીયાર રીકવર પંચનામું | ૨૭,૨૮ |
| ૩. | સારવાર પ્રમાણપત્ર | ૨૯ |
| ૪. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૩૦ |
| ૫. | હથીયારબંધીના જાહેરનામાની નકલ | ૩૧ |
| ૬. | કલોજીંગ પુરસીસ | ૩૨ |

**બી– બચાવપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**સી– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન :– નથી.**

**<u>–:: ઠરાવ ::–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ ગઈ તા.૧૫/૦૫/૨૦૨૪ના કલાક ૨૦:૦૦ વાગ્યે મોજે–ટોરડા ગામે ફરીયાદી તેના મિત્ર સાથે પોતાની મોટરસાઈકલ લઈને ગયેલ હતો તે વખતે મોટરસાઈકલ રોડની સાઈડમાં ઉભી રાખીને વાતો કરતા હતા તે વખતે આરોપી નં.૧ નાઓએ આવી ફરીયાદીને ફેંટ પકડી નીચે પાડી દઈ તેના હાથમાની લાકડી ડાબા હાથ ઉપર મારી ઈજા કરી,ફ્રેકચર કરેલ તેમજ આરોપી નં.૨ નાએ તેના હાથમાની લાકડીફરીયાદીના પીઠના ભાગે તેમજ ડાબા હાથના કોણીના ભાગે લાકડી મારી ફ્રેકચર કરી તથા આરોપી નં.૩ નાએ

પણ ફરીયાદીને શરીરે લાકડીથી માર મારેલ તેમજ નાસતા ફરતા આરોપી નં.૪ નાએ ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી મે.જિલ્લા મેજી. સાહેબના જાહેરનામા નો ભંગ કરી ગુન્હો કરી ભારતીય દંડ સંહીતાની કલમ- ૩૨૩,૩૨૫,૪૨૭,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ-૧૩૫ મુજબ ના શિક્ષાનેપાત્ર ગુનો કર્યાની અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) ત્યારબાદ આરોપીઓને પ્રોસેસ કાઢતાં અને હાજર થતાં,ક્રિ. પ્રો.કો.ની કલમ-૨૦૭ મુજબ આરોપી ઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડેલ છે તથા ભારતીય દંડ સંહીતાની કલમ- ૩૨૩, ૩૨૫,૪૨૭,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ-૧૩૫ મુજબના શિક્ષા ને પાત્ર ગુના સબબ આંક-૧૧ થી તહોમતનામુ ફરમાવી,આંક-૧૨ થી ૧૪ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં,આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

**-:: મૌખિક પુરાવો ::-**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | રાજેન્દ્રકુમાર પ્રવીણભાઈ ભરાડા | ફરીયાદી | ૨૫ |

**-:: દસ્તાવેજી પુરાવો ::-**

| ક્રમ | દસ્તાવેજોનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૨૬ |
| ૨. | મારક હથીયાર રીકવર પંચનામું | ૨૭,૨૮ |
| ૩. | સારવાર પ્રમાણપત્ર | ૨૯ |
| ૪. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૩૦ |
| ૫. | હથીયારબંધીના જાહેરનામાની નકલ | ૩૧ |

| | | |
|---|---|---|
| ૬. | કલોઝીંગ પુરસીસ | ૩૨ |

(૪) ત્યારબાદ ક્રિ.પ્રો.કો.ની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ,જેમાં પણ આરોપીઓએ ફરીથી ગુનાનો ઈન્કાર કરેલ છે અને બચાવના સાહેદો તપાસવા નથી તેવુ જાહેર કરેલ છે.તેઓના વિશેષ નિવેદનમાં તેમના વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનુ અને તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

(૫) આ કામમાં ફરિયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રી.એમ.પી.કલહટ તથા બચાવપક્ષે વકીલશ્રી બી.વી.ચંપાવત ની દલીલો સાંભળી.

(૬) ઉપરોકત હકીકત તથા પડેલ પુરાવાઓ ઉપરથી આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–::મુ દા ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ગઈ તા.૧૫/૦૫/૨૦૨૪ના કલાક ૨૦:૦૦ વાગ્યે મોજે–ટોરડા ગામે ફરીયાદી તેના મિત્ર સાથે પોતાની મોટરસાઈકલ લઈને ગયેલ હતો તે વખતે મોટરસાઈકલ રોડની સાઈડમાં ઉભી રાખીને વાતો કરતા હતા તે વખતે આરોપી નં.૧ નાઓએ આવી ફરીયાદીને ફેંટ પકડી નીચે પાડી દઈ તેના હાથમાની લાકડી ડાબા હાથ ઉપર મારી ઈજા કરી ફ્રેકચર કરેલ તેમજ આરોપી નં.ર નાએ તેના હાથમાની લાકડીફરીયાદીના પીઠના ભાગે તેમજ ડાબા હાથના કોણીના ભાગે લાકડી મારી ફ્રેકચર કરી તથા આરોપી નં.૩ નાએ પણ ફરીયાદીને શરીરે લાકડીથી માર મારેલ તેમજ નાસતા ફરતા આરોપી નં.૪ નાએ ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ |

| | |
|---|---|
| | આપી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી મે.જિલ્લા મેજી. સાહેબના જાહેરનામા નો ભંગ કરી ગુન્હો કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૩૨૫,૪૨૭,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ–૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં, |
| (૨) | આખરી હુકમ મુજબ. |

<u>**કારણો અને ચર્ચા**</u> **:–**

(૮) ફરીયાદપક્ષે સૌપ્રથમ ફરીયાદી રાજેન્દ્રકુમાર પ્રવીણભાઈ ભરાડા ને આંક–૨૫ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,બનાવ આજથી બેએક વર્ષ પહેલા બનેલ જેમાં તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી જેથી ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા જેથી ધકકામુકી થતાં તેઓને શરીરે સામાન્ય ઈજા ઓ થયેલી જેથી ઉશ્કેરાટમાં આવીને તેઓએ ફરીયાદ આપેલી પરંતુ આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે તથા તેઓ હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી કે કોઈ સાક્ષી તપાસવા માગંગતા નથી તેમ જણાવી ફરીયાદી પોતાની જુબાની દરમ્યાન ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે જે ફરીયાદ આંક–૨૬ થી રેકર્ડ ઉપર સામેલ છે. આ સીવાય બીજુ કઈ બનેલ નહી.''આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે તથા વિ.એ.પી.પી.શ્રી દ્વારા લીધેલ ઉલટતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી તથા આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવુ જણાવે છે કે,''એ વાત ખરી છે કે,બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ તે સીવાય કઈ બનેલ નહી.એ વાત ખરી છે કે, આરોપીઓએ ગાળો બોલેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી

આપેલ નથી.એ વાત ખરી છે કે,આરોપીઓ સાથે ઘરબહાર રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે''

**<u>આખરી ચર્ચા</u> :–**

(૯) આમ, ફરીયાદપક્ષે રજુ તમામ પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ફરીયાદી એ જ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.ફરીયાદપક્ષ અને આરોપીઓ વચ્ચે કોર્ટ બહાર સમાધાન કરવામાં આવેલુ હોઈ સ્વાભાવિક રીતે ફરીયાદ પક્ષે તે મુજબ જુબાની આપેલ છે.આરોપી પક્ષે નિખાલસપણે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું,હથીયાર રીકરવર પંચનામું તથા સારવાર સર્ટીફીકેટ અને હથીયારબંધીનું જાહેરનામુ કબુલ રાખતા તે રેકર્ડ પર તો આવેલા છે પરંતુ સદર પંચનામા તથા સારવાર પ્રમાણપત્ર રેકર્ડ પર આવવા છતાં એ હકીકત પુરવાર થતી નથી કે ફરીયાદ મુજબનો જ બનાવ બનવા પામેલો.ફરીયાદી પુરાવા દરમ્યાન એવુ જણાવે છે કે,આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાઈ બનેલ નહી અને બોલાચાલી દરમ્યાન બનાવ સ્થળે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ જેથી ધકકામુકીમાં તેઓને સામાન્ય ઈજાઓ થયેલ તે સંજોગોમાં તપાસ કરનાર અમલદાર કે મેડીકલ ઓફીસરશ્રીને તપાસવાનો કોઈ અર્થ રહેતો નથી. આમ,ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદ પક્ષના પુરાવાઓનું મુલ્યાંકન આરોપી ઓ વિરૂઘ્ધ આક્ષેપાયેલ ત્હોમત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આવા સંજોગોમાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.ઉપરોકત તમામ ચર્ચા મુજબ **મુદ્દા નં.(૧)** નો જવાબ ''**નકાર**''માં આપી **મુદ્દા નં.(૨)** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**<u>:–આખરી હુકમ :–</u>**

(૧) આ કામના આરોપીઓને સી.આર.પી.સી.ની કલમ–૨૪૮(૧) મુજબ

ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૩૨૫,૪૨૭,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

**(૨)** આરોપીઓએ હાલના કામેની સંભવીત અપીલના કામે અપીલ કોર્ટ સમક્ષ હાજર થવા સારુ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા સી.આર.પી.સી–૪૩૭ (એ)ની જોગવાઈ અનુસાર અમલમાં રહેશે.

**(૩)** અપીલ સમય બાદ મુદ્દામાલનો નિયમોનુસાર નિકાલ કરવો.

હુકમ આજ તા.**૧૪** મી,માહે–**જુલાઈ,**સને–**૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તારીખ :૧૪/૦૭/૨૦૨૬** **(એમ.એ.મકરાણી)**
**સ્થળ : ભિલોડા.** **એડીશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ભિલોડા**
**જીજે ૦૧૦૦૭**